અપીલ અરજી નં.૪૧૧ તા.૧૭–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા. ૨૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સાઉથ–વેસ્ટ, અઠવાઝોન કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતનાં મજૂરાનાં રે.સ.નં.ર, ટી.પી.સ્કીમ નં.૬(મજૂરા–ખટોદરા), ફા. પ્લોટ નં. ૧૩૬થી નોંધાયેલ જમીન જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી ટી.ડી.ઓ. નં. ૧૩૩૨ તા. ૬–૩–૧૯૯૧ ના રોજ જે રીવાઈઝડ પ્લાન મંજૂર કરેલ છે જેમાં તમામ પ્લોટો તથા જાહેર રોડ–રસ્તા તથા કોમન ઓપન પ્લોટ વિગેરેની બાઉન્ડ્રી દર્શાવેલ હોય છે તે લે–આઉટ પ્લાનની કાયદેસરની સહી–સિકકાવાળી નકલ તથા રજાચિઠ્ઠીની કાયદેસરની સહી–સિકકાવાળી નકલ તાકીદે મોકલી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૨)અને(૨.અ થી ડ)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૧/૨૦૧૧–૧૨

શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા. ૨૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સાઉથ–વેસ્ટ, અઠવાઝોન કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતનાં મજૂરાનાં રે.સ.નં.ર, ટી.પી.સ્કીમ નં.૬(મજૂરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૧૩૬થી નોંધાયેલ જમીન જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી ટી.ડી.ઓ. નં.૧ ૩૩૨ તા. ૬–૩–૧૯૯૧ ના રોજ જે રીવાઈઝડ પ્લાન મંજૂર કરેલ છે જેમાં તમામ પ્લોટો તથા જાહેર રોડ–રસ્તા તથા કોમન ઓપન પ્લોટ વિગેરેની બાઉન્ડ્રી દર્શાવેલ હોય છે તે લે–આઉટ પ્લાનની કાયદેસરની સહી–સિકકાવાળી નકલ તથા રજાચિઠ્ઠીની કાયદેસરની સહી–સિકકાવાળી નકલ તાકીદે મોકલી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૨)અને(૨.અ થી ડ)ની માહિતી આપવા બાબતે માંગેલ માહિતીના બદલામાં ખોટી રીતે વધુ રૂપિયા વસુલવામા આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૨૨–૩–૧૦ના જાહેરનામા મુજબ ખરેખર ખર્ચ–નકશાની ફી અંગે મુકરર કરેલ દરની નકલ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૧ તા.૨૮–૧૧ –૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને તેઓ તા. ૨૨–૩–૧૦ ના જાહેરનામાની જોગવાઈથી પરિચિત છે કે કેમ ? જો પરિચિત ન હોય તો SMCની વેબ સાઈટ WWW.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ આરટીઆઈ કાયદો અને નિયમોનો સંદર્ભ કરી શકે છે. તે બાદ નારાજગી અંગે આધાર સહ રજૂઆત કરવાપત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૦૬૫ તા.૨૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન /અઠવા/આરટીઆઈ/આ.નં.૮૧૯ તા.૧૧–૧૦–૧૧ ના પત્રની નકલ તેમજ એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૩૮ તા.૧૫–૧૦–૧૧ ના પત્રની નકલ, તથા તેના એક નોલેજમેન્ટ સ્લીપની નકલ, નકશા અંગે સુમપાનો સ્થા.સ.ઠ. નં.૩૭૯/૨૦૦૮ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૨–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨(અ થી ડ) ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૧૯ તા.૧૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં માંગવામાં આવેલ શહેર વિકાસની માહિતી અન્વયે અરજીમાં જણાવેલ રજાચિઠ્ઠીની માહિતીના એ/૪ સાઈઝ ના પાના નંગ–૨ પ્રતિ પાના દીઠ પાના લેખે રૂા.૪/– તથા લે આઉટ પ્લાનના રૂા.૫૫૦/– મળી કુલ રૂા.૫૫૪/– (અંકે રૂપિયા પાંચસો ચોપ્પન પૂરા) અઠવાઝોન કચેરીએ ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી માહિતીની નકલ મેળવી શકો છો. તેવું જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૪૭૩૭૬૮ તા.૧૩–૧૦–૧૧ ના રોજ દસ્તાવેજ ફી ના નાણા ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૩૮ તા.૧૫–૧૦–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

જેમાં મુદ્દા નં.(૧) સાઉથ–વેસ્ટ, અઠવાઝોન કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતનાં મજૂરાનાં રે.સ.નં.ર, ટી.પી.સ્કીમ નં.૬(મજૂરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૧૩૬થી નોંધાયેલ જમીન જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી ટી.ડી.ઓ. નં.૧૩૩ર તા. ૬–૩–૧૯૯૧ ના રોજ જે રીવાઈઝડ પ્લાન મંજૂર કરેલ છે જેમાં તમામ પ્લોટો તથા જાહેર રોડ–રસ્તા તથા કોમન ઓપન પ્લોટ વિગેરેની બાઉન્ડ્રી દર્શાવેલ હોય છે તે લે–આઉટ પ્લાનની કાયદેસરની સહી–સિકકાવાળી નકલ તથા રજાચિઠ્ઠીની કાયદેસરની સહી–સિકકાવાળી નકલ તાકીદે મોકલી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં માંગ્યા મુજબની માહિતીનો લે આઉટ પ્લાન આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(ર) ટીડીઓ/ નં.૧૩૩ર તા.૬–૩–૧૯૯૧ ના રોજ જે રીવાઈઝડ પ્લાન સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તે પ્લાન નીચે મુજબની માહિતી આપશો. (અ) સદરહુ લે આઉટ પ્લાનમાં ગાળા ટાઈપ કુલ આવાસોની સંખ્યા લખી જણાવશો. તથા જે ટેનામેન્ટ લો–રાઈઝ મંજુર કરવામાં આવેલ છે તે ટેનામેન્ટના ફલેટોની કુલ સંખ્યા લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મંજુર લે આઉટમાં ગાળા ટાઈપ કુલ ૧૦૭ આવાસો દર્શાવેલ છે તથા જે ટેનામેન્ટ મંજુર કરવામાં આવેલ છે તે ટેનામેન્ટના કુલ ૮૪ ફલેટો દર્શાવેલ છે. અરજીમાં માંગ્યા મુજબની માહિતીનો લે આઉટ પ્લાન આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. (બ) સદરહુ પ્લાનમાં 'એ' ટાઈપના ગાળા ટાઈપ આવાસોની કુલ સંખ્યા તથા તે તમામના પ્લોટ નંબરો લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ પ્લાનમાં એ–ટાઈપના કુલ ૩૪ ગાળા ટાઈપના (ગાળા નં.૧ થી ૩૪) છે તેવું જણાવેલ છે. (ક) સદરહુ પ્લાનમાં "બી" ટાઈપના આવાસોની કુલ સંખ્યા તે તમામના પ્લોટ નંબરો લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ પ્લાનમાં બી–ટાઈપના કુલ ૭૩ ગાળા ટાઈપના (ગાળા નં.૩પ થી ૧૦૭ ) છે. તેવું જણાવેલ છે. (ડ) સદરહુ પ્લાનમાં 'સી' ટાઈપના ગાળા ટાઈપ આવાસોની કુલ સંખ્યા તથા તે તમામના પ્લોટ નંબરો લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ પ્લાનમાં સી–ટાઈપના ગાળા ટાઈપના કોઈ આવાસ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ટીડીઓ નં.૧૩૩ર તા.૬–૩–૯૧ ના રોજ સુમપા ધ્વારા મંજુર કરવામાં આવેલ લે આઉટ પ્લાન નકલ માંગણી કરેલ. જેની નકલ રૂા.પપ૦/– વસુલ લેવામાં આવ્યા છે તે ખોટી રીતે વસુલવામાં આવ્યા છે અને લે આઉટપ્લાન ૪૦'×ર૪' નો ક્ષેત્રફળનો કાગળનો આપવામાં આવેલ છે જે એમોનીયા પ્રિન્ટ અને આ પ્રકારની નકલ મેળવવા માટે પુષ્પમ ઝેરોક્ષ, જી–૧૪, જળનિધી કોમ્પ., બહુમાળી બિલ્ડીંગ સામે, નાનપરા, સુરત ખાતે તપાસ કરતાં ૧પ૦ રૂપિયામાં નકલ મળી શકે તેવું જણાવેલ છે સદરહુ પ્લાનની ઝેરોક્ષ કોપી તા.રપ–૧૦–૧૧ ના રોજ કઢાવેલ છે તેના રૂા.૪પ/– લઈ નકલ કરી આપેલ છે લે આઉટ પ્લાનની નકલના કાયદેસર થતા રૂા.૧પ૦/– વસુલ લઈ વધારાના રૂા.૪૦૦ પરત કરવાની માંગણી કરેલ છે. સરકારે જાહેરનામા ક્રમાંક જીએસ–૩૦–ર૦૦પ વીએચએસ–૧ ૦૦પ–ર૬૬૪ તા.પ–૧૦–૦પ સંદર્ભે કરેલ છે. અમારી માંગણી તા.ર૦–૯–૧૧ ના રોજ આઈ ડી નં.૩ર૦ ની છે. તેવી રજૂઆત અપીલમાં કરેલ છે. જે અંગે અત્રેથી અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૧ તા.ર૮–૧૧–૧૧ ધ્વારા તેઓ તા. રર–૩–૧૦ના જાહેરનામાની જોગવાઈથી પરિચિત છે કે કેમ ? જો પરિચિત ન હોય તો SMCની વેબ સાઈટ WWW.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ આરટીઆઈ કાયદો અને નિયમોનો સંદર્ભ કરી તે બાદ નારાજગી અંગે આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે સંદર્ભે અરજદારે પૂરક વિગતોમાં મંજુર લે આઉટ પ્લાનને યોગ્ય કોર્ટ ફી સ્ટેમ્પ લગાડેલ નથી જે લગાડી આપવા માટે તથા તેને યોગ્ય સહી સીકકા કરી નકલ આપવાની રજૂઆત કરેલ છે. સદર મંજુર લે આઉટ પ્લાનમાં દરેક ગાળા ટાઈપ આવાસોના પ્લોટો તથા દરેક એપાર્ટ. ના પ્લોટો તથા તેને લાગુ માર્જીનની જગ્યા તથા સીઓપી તથા જાહેર કરવામાં આવેલ રોડ રસ્તાની જગ્યા દર્શાવેલ છે તેમાં ગંદા પાણીના નિકાલ માટે ડ્રેનેજ લાઈન દર્શાવેલ નથી તેથી મંજુર પ્લાનમાં તે દોરી આપવા હુકમ કરશો તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે પત્રના સંદર્ભે રર–૩–૧૦ ના જાહેરનામાની જોગવાઈ બાબતે કોઈ રજૂઆત કરેલ નથી. અરજદારે સ્ટેમ્પ મારીને તથા ડ્રેનેજ લાઈનદોરીને માહિતી આપવાની જે રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) તથા ર(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. વધુમાં અરજદારની તેવી રજૂઆત મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે કરવામાં આવેલ છે. જે અંગે અરજદાર ડ્રેનેજના નકશાઓ અંગે મુળ અરજીથી અલાયદી રજૂઆત હોઈ જો તેઓ મેળવવા માંગતા હોય તો આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી લાગત જાહેર માહિતી અધિકારીને અરજી કરી માહિતી મેળવી શકે છે. વધુમાં અરજદારને ફી બાબતે રર–૩–૧૦ ના જાહેરનામા અનુસાર ફી ના દર નિયમ–પ(ખ) (૧) (ક) હેઠળ એ/૪ , એ/૩ સાઈઝ કાગળના પાના દીઠરૂા.ર/– નિયમ–પ(ખ) (૧) (ખ) મોટી સાઈઝ કાગળો હોય તો તેની જેટલી ખરેખરી કિંમત જેટલી રકમ નિયમ–પ(ખ)(૩) જાહેર જાહેર સત્તા મંડળમાં ફી/ચાર્જ લેવા માટે અલગથી તંત્ર અથવા કાર્યરીતી વિદ્યમાન ન હોય ત્યારે નમુના , સેમ્પલ, મોડેલ અથવા ફોટો ગ્રાફ આપવા માટે તેની ખરેખરી કિંમત જેટલી રકમ તેવી જોગવાઈ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સુરત મહાનગરપાલિકાના સ્થા.સ. ના તા.૭–૩–૦૮ ના ઠરાવ મુજબ ૧ ચો.મી. ના એમોનીયા કોપીના રૂા.૧૦૦૦ નકકી કરવામાં આવેલ હોય જેના અનુસંધાનમાં અરજદાર પાસેથી ૦.પપ ચો. મી. ના રૂા. પપ૦/– ફી વસુલી હતી જેની જાહેર માહિતી અધિકારી તરફથી ઠરાવની કોપી પણ અત્રે રજૂ કરેલ છે. વધુમાં અરજદાર તરફથી જે ઝેરોક્ષ બીલ રજૂ થયેલ છે તે જેમ્બો ઝેરોક્ષ કોપીની નકલ અંગેનું છે. આમ અરજદારની અપીલ નિયમોનુસાર યથાર્થ ઠરતી નથી તેથી રીફંડ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અરજદારે અપીલ તબકકે નકશા પર કોર્ટ ફી સ્ટેમ્પ લગાડી સહી સીકકા કરાવી આપવાની કરેલ રજૂઆત અંગે મુળ નકશા જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં નકલ કાઢી તેને સહી સીકકા – પ્રમાણિન નકલ સબબ કરી આપવાના રહે. અરજદારે નકલ રજૂ કરેલ ન હોઈ સહી સીકકા છે કે કેમ? તે સુનિશ્ચિત થઈ શકતું નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૯–૧૧ થી માંગેલ માહિતી સમય મર્યાદામાં ઠરાવેલ ફી કાયદેસરની વસુલ લઈ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોઈ વધુ વસુલેલ ફી રીફંડ આપવાની અરજદારની માંગણી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયત–૫(૨) હેઠળ ગેરવાજબી અને અનુચિત હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અપીલ અરજીમાં ડ્રેનેજના નકશાઓ બાબતે મુળ અરજીથી અપીલ તબકકે પૂરક વિગતોમાં ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈના કાયદા અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્રછે.

જયારે નકશામાં જો પ્રમાણિત નકલ સબબ સહી સીકકા કરેલ ન હોય તો નકશાની નકલ સહ દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો કચેરી કામકાજ દરમ્યાન સંપર્ક કરી તેમ કરાવવા સ્વતંત્ર છે. અરજદાર ધ્વારા તેવો સંપર્ક કર્યે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા